| | | | | | |
|---|---|---|---|---|---|
| GJGS070003802026 | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ | | |
| | | દાખલ તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ | | |
| | | ફેંસલ તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

–:: નમૂનો – અ ::– આંક

| | |
|---|---|
| તાલાલાનાં મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ શ્રી ની કોર્ટમાં, મુ.તાલાલા. | |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | ૩૨૬/૨૦૨૬ |
| :: ગુનાની વિગત :: | |
| ગુનાની કલમ | નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ |
| ગુના રજી. નંબર | ખાનગી ફરિયાદ |
| પોલીસ સ્ટેશન | ખાનગી ફરિયાદ |
| ફરિયાદી પક્ષ | શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સો.લી.ના વાઇસ ચેરમેન, ગોવિંદભાઇ નથુભાઇ ચાંડેરા, ઉ.વ.આ.પુખ્ત, ધંધો–નોકરી, રહે.દેવળી(સેમરવાવ), તા.તાલાલા, જી.ગીર સોમનાથ. |
| ફરીયાદપક્ષે વિ.વકીલશ્રી | આર.એફ.ચૌહાણ |
| આરોપી પક્ષ | (૧) નિલેશભાઇ બાબુભાઇ મકવાણા, ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ડ્રાઇવીંગ, (૨) મનીષાબેન નિલેશભાઇ મકવાણા, ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ઘરકામ, બંને રહે.તાલાલા, જી.ગીર સોમનાથ. |
| આરોપી પક્ષે વિ.વકીલશ્રી | જે.બી.જાદવ |

–:: નમૂનો – બ ::–

| | |
|---|---|
| ગુનાની તારીખ | ખાનગી ફરીયાદ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ખાનગી ફરીયાદ |
| આખર અહેવાલની તારીખ | ખાનગી ફરીયાદ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૩/૦૫/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ ( લાગુ પડે તો ) | ૦૪/૦૮/૨૦૨૬ |

–:: આરોપીની વિગત ::–

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમયગાળો બી.એન.એસ.એસ.ની કલમ – ૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નિલેશભાઇ બાબુભાઇ મકવાણા | | | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ | સજા કરી | | ––– |

–:: ચુ કા દો ::–

---

(૧.) **<u>કેસની ટુંકમા હકીકત</u> :–**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, ફરીયાદી શ્રી સમતા કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીરના મંડળીના વાઈસ ચેરમેન છે અને આરોપી સભ્ય છે. આ કામમાં મંડળીમાંથી લોનની જરૂર પડતા ફરીયાદીએ લોન પેટે રૂા.૪૦,૦૦૦/– તા.ર૯/૦૯/ર૦રર ના રોજ વ્યવસાય અર્થે લોન લીધેલ. ફરીયાદીએ આરોપીઓને અવાર નવાર સમજાવતા કોલ, વોટસએપ રૂબરૂ જાણ કરતા કોઇ કાળજી લીધેલ નહી. આ કામમાં ફરીયાદીએ બે વર્ષ કરતા વધુ સમય આપવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદીએ બાકી નીકળતી લેણી રકમ રૂા.ર૪,૩૯૪/– પરત મેળવવા સુચન કરતા આરોપીઓ દ્વારા ફરીયાદીને હજુ થોડો સમય રોકાવવુ પડશે તેવુ જણાવી થોડા સમય બાદ સદરહુ રકમ ચુકવી આપવા વીનંતી કરેલ. જેથી આરોપીઓની વીનંતી મુજબ થોડા સમયની રાહ જોવાનુ નકકી કરેલ. સમય મર્યાદા પુર્ણ થતા આરોપીએ ઈરાદાપુર્વક ઉધ્ધતાઈભર્યુ વર્તન કરેલ, ધાક ધમકી આપેલ.

ત્યારબાદ નીયત સમય વીતી જતા આરોપીઓ દ્વારા સદરહુ પરત આપવા સુચન કરેલ, પરંતુ આરોપીએ પ્રથમ તો આજ કાલના બહાના બતાવેલ

અને સમય પસાર કરેલ અને છેવટે તેઓની કાયદેસરની લેણી રકમ રૂા.૨૪,૩૯૪/- ચુકવવા માટે આરોપીએ તેમની બેંક એસ.બી.આઇ. તાલાલા શાખાનો ચેક નં.૬૬૭૩૦૨ વાળો ખાતા નં.૩૨૮૭૨૯૪૬૬૮૩ નો ચેક તા.૨૭/૦૧/૨૦૨૬ ના રોજ ફરીયાદીના નામ જોગ લખી આપી અને તે સમયે આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદરહુ ચેકમાં જણાવેલ તારીખના રોજ તમો સદરહુ ચેક તમારા ખાતામાં નાંખશો તો તમને ચેકમાં જણાવેલ રકમ મળી જશે. ત્યારબાદ આરોપીએ ફરીયાદીને વીનંતી કરેલ કે, હાલ ખાતામાં પુરતી બેલેન્સ નથી મારુ પેમેન્ટ આવકમાં હોય તમો સદરહુ ચેક ચેકમાં જણાવેલ તારીખે નહી પરંતુ તા.૨૭/૦૧/૨૦૨૬ ના રોજ તે ચેક મુજબની રકમ જમા કરાવેલ નહી આરોપીએ જણાવેલ તારીખની રાહ જોવાનુ નકકી કરેલ. ત્યારબાદ આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ વસુલાત માટે પોતાની બેંક એસ.બી.આઇ. તાલાલા શાખામાં રજુ કરતા સદર ચેક તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ "FUNDS INSUFFCINT" ના રીર્ટન મેમો સાથે પરત ફરેલ.

ઉપરોકત વિગતે આરોપી જાણતા હોવા છતા આરોપીએ ફરીયાદીને કાયદેસરનુ લેણુ રૂા.૨૪,૩૮૪/- ચુકવવા પેટે આપેલ ચેક પોતાના ખાતામાં પુરતુ ભંડોળ ન રાખી ચેકની રકમ હડપ કરી જવાનો ઈરાદો રાખી ફરીયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ, જેના અનુસંધાને ફરીયાદીએ તા.૧૭/૨/૨૦૨૬ ના રોજ આરોપીને દિવસ-૧૫ મુદતની ડીમાન્ડ નોટીસ આપેલ, જે ડીમાન્ડ નોટીસ તા.૧૮/૨/૨૦૨૬ ના રોજ બજી ગયેલ. આરોપીએ નોટીસનો જવાબ આપેલ નથી કે ફરીયાદીની કાયદેસરની લેણી રકમ રૂા.૨૪,૩૯૪/- તેઓને પરત આપેલ નથી.

જેથી ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ લાવી દાદ માગેલ છે કે, આ કામના આરોપીએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ સાથે વાંચતા ૧૪૨ નો ભંગ કરેલ હોય તે બદલ બે વર્ષની સજા અને ચેકથી બમણી રકમનો દંડ કરવા અરજ ગુજારેલ છે.

(૨.) <u>ન્યાયિક કાર્યવાહી:</u>

આ કામે ફરિયાદીની સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી, બી.એન.એસ.એસ.ની કલમ- ૨૨૭ અન્વયે આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ, જે સમન્સ આરોપીને બજતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં

બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામુલ્યે આરોપીને પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૪ હેઠળ **આંક–૦૭** થી પ્લી નોંધી ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને ન્યાયિક કાર્યવાહીની માંગણી કરતાં ફરીયાદપક્ષાનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

વધુમાં આ કામે ફરીયાદપક્ષ તર્ફે આ કામના આરોપીઓએ સંયુકત ખાતામાં સદર મંડળીમાંથી તા.૨૯/૦૯/૨૦૨૨ ના રોજ વ્યવસાય અર્થે રૂા.૪૦,૦૦૦/– ની લોન લીધેલ હોય, જેથી આ કામે ફરીયાદપક્ષ તર્ફે હાલના કામે આરોપી નં.૨ વિરૂધ્ધ પણ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. વધુમાં આ કામે આરોપી નં.૧ દ્રારા પોતાનો નામ વાળો પોતાનો ખાતાનો ચેક ફરીયાદીને આપવામાં આવેલ હોય, જેથી આરોપી નં.૧ નાએ લેણી રકમ ચુકવવાની જવાબદારી સ્વીકારેલ હોવાનુ જણાય આવે છે. વધુમાં આ સંદર્ભે અત્રેની અદાલત દ્રારા આંક–૧ નીચે હુકમ કરી આરોપી નં.૧ ઉપર ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હોય, જેથી તે રીતે સદર કેસની કાર્યવાહી આરોપી નં.૧ વિરૂધ્ધ ચલાવવામાં આવેલ છે.

(૩.) ત્યારબાદ, ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

:: નમૂનો – ક ::

ફરિયાદીના સાક્ષીની યાદી

| ફોર્મ–સી | | | |
|---|---|---|---|
| ફરિયાદ પક્ષ ના સાહેદ | | | |
| ક્રમ. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
| ૧. | ૦૮ | ગોવિંદભાઇ નથુભાઇ ચાંડેરાનુ સરતપાસનુ સોગંદનામુ | ફરીયાદી |

ફરિયાદીના આંકની યાદી

<u>ફરિયાદપક્ષ ના આંકે પાડેલા પુરાવાની વિગત ::–</u>

| અ . નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક | ૧૦ |

| | | |
|---|---|---|
| ૨. | ચેક રીટર્ન મેમો | ૧૧ |
| ૩. | આરોપીને વકીલ મારફત આપેલ નોટીસ | ૧૨ |
| ૪. | એકનોલેજમેન્ટ સ્લીપ. | ૧૩ |
| ૫. | ઓથોરીટી લેટર. | ૧૫ |
| ૬. | ટ્રેકીંગ રીપોર્ટ | ૧૬ |

આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થયા બાદ આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ વધુ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૩.૧) ત્યારબાદ બચાવપક્ષને પુરતી તક આપવા છતા તેઓ તર્ફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

( ૪.) આ કામે આરોપીના વિશેષ નિવેદનના તબકકે આરોપી હાજર નહીં રહેતા આરોપીનો એફ.એસ. નો હક બંધ કરવામાં આવે છે.

( ૫ ) આ કામે ફરીયાદપક્ષ તરફે તેમના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આ કામે બચાવપક્ષને પુરતી તક આપવા છતા તેઓ તર્ફે કોઈ લેખિત કે મૌખિક દલીલો રજુ રાખવામાં આવેલ નથી.

(૬) આ કામે ફરિયાદના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧)શું ફરિયાદપક્ષ નિ:શકપણે સાબિત કરે છે કે, આ કામના તહોમતદારે ફરીયાદીના કાયદેસરના બાકી લેણા પેટે ચેક નં.૬૬૭૩૦૨, એસ.બી.આઈ., તાલાલા શાખાનો તા.૨૭.૦૧.૨૦૨૬ ના રોજનો રૂા.૨૪,૩૯૪/− નો ચેક આપેલ, જે ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વણચુકવ્યે પરત થતાં, ફરીયાદીએ સમય મર્યાદામાં તહોમતદારને ડીમાન્ડ નોટીસ મોકલેલ હોવા છતાં તહોમતદાર ફરીયાદીને ચેકની રકમ નહી ચુકવીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ−૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓનો નિર્ણય નીચે મુજબ કરવામાં આવે છે :–

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ. વકીલશ્રીને સાંભળ્યા. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે અને ઘ્યાને લીધા.

(૯) **મુદ્દા નંબર–૧ :–**

ફરીયાદી શ્રી સમતા કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીરના મંડળીના વાઇસ ચેરમેન છે અને આરોપી સભ્ય છે. આ કામમાં મંડળીમાંથી લોનની જરૂર પડતા ફરીયાદીએ લોન પેટે રૂા.૪૦,૦૦૦/– તા.૨૯/૦૯/૨૦૨૨ ના રોજ વ્યવસાય અર્થે લોન લીધેલ. ફરીયાદીએ આરોપીઓને અવાર નવાર સમજાવતા કોલ, વોટસએપ રૂબરૂ જાણ કરતા કોઇ કાળજી લીધેલ નહી. આ કામમાં ફરીયાદીએ બે વર્ષ કરતા વધુ સમય આપવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદીએ બાકી નીકળતી લેણી રકમ રૂા.૨૪,૩૯૪/– પરત મેળવવા સુચન કરતા આરોપીઓ દ્વારા ફરીયાદીને હજુ થોડો સમય રોકાવવુ પડશે તેવુ જણાવી થોડા સમય બાદ સદરહુ રકમ ચુકવી આપવા વીનંતી કરેલ. જેથી આરોપીઓની વીનંતી મુજબ થોડા સમયની રાહ જોવાનુ નકકી કરેલ. સમય મર્યાદા પુર્ણ થતા આરોપીએ ઈરાદાપુર્વક ઉઘ્ધતાઇભર્યુ વર્તન કરેલ, ધાક ધમકી આપેલ. ત્યારબાદ નીયત સમય વીતી જતા આરોપીઓ દ્વારા સદરહુ પરત આપવા સુચન કરેલ, પરંતુ આરોપીએ પ્રથમ તો આજ કાલના બહાના બતાવેલ અને સમય પસાર કરેલ અને છેવટે તેઓની કાયદેસરની લેણી રકમ રૂા.૨૪,૩૯૪/– ચુકવવા માટે આરોપીએ તેમની બેંક એસ.બી.આઇ. તાલાલા શાખાનો ચેક નં.૬૬૭૩૦૨ વાળો ખાતા નં.૩૨૮૭૨૯૪૬૬૮૩ નો ચેક તા.૨૭/૦૧/૨૦૨૬ ના રોજ ફરીયાદીના નામ જોગ લખી આપી અને તે સમયે આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદરહુ ચેકમાં જણાવેલ તારીખના રોજ તમો સદરહુ ચેક તમારા ખાતામાં નાંખશો તો તમને ચેકમાં જણાવેલ રકમ મળી જશે. ત્યારબાદ આરોપીએ ફરીયાદીને વીનંતી કરેલ કે, હાલ ખાતામાં પુરતી બેલેન્સ નથી મારુ પેમેન્ટ આવકમાં હોય તમો સદરહુ ચેક ચેકમાં જણાવેલ તારીખે નહી પરંતુ તા.૨૭/૦૧/૨૦૨૬ ના રોજ તે ચેક મુજબની રકમ જમા કરાવેલ

નહી આરોપીએ જણાવેલ તારીખની રાહ જોવાનુ નકકી કરેલ. ત્યારબાદ આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ વસુલાત માટે પોતાની બેંક એસ.બી.આઇ. તાલાલા શાખામાં રજુ કરતા સદર ચેક તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ "FUNDS INSUFFCINT" ના રીર્ટન મેમો સાથે પરત ફરેલ. ઉપરોકત વિગતે આરોપી જાણતા હોવા છતા આરોપીએ ફરીયાદીને કાયદેસરનુ લેણુ રૂા.૨૪,૩૮૪/- ચુકવવા પેટે આપેલ ચેક પોતાના ખાતામાં પુરતુ ભંડોળ ન રાખી ચેકની રકમ હડપ કરી જવાનો ઈરાદો રાખી ફરીયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ, જેના અનુસંધાને ફરીયાદીએ તા.૧૭/૨/૨૦૨૬ ના રોજ આરોપીને દિવસ-૧૫ મુદતની ડીમાન્ડ નોટીસ આપેલ, જે ડીમાન્ડ નોટીસ તા.૧૮/૨/૨૦૨૬ ના રોજ બજી ગયેલ. આરોપીએ નોટીસનો જવાબ આપેલ નથી કે ફરીયાદીની કાયદેસરની લેણી રકમ રૂા.૨૪,૩૯૪/- તેઓને પરત આપેલ નથી.

ફરીયાદી એ પોતાની ફરિયાદ હકીકતને સમર્થન આપવા માટે આંક:૦૮ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. ફરિયાદીએ સરતપાસના સોગંદનામામાં આંક-૧ ની ફરિયાદને અક્ષરસહ સમર્થન આપેલ છે. આ કામે આરોપીપક્ષને ફરીયાદીની ઉલટતપાસ કરવાની પુરતી તક આપવા છતા તેઓ તર્ફે કોઈ ઉલટતપાસ કરવામાં ન આવતા બચાવપક્ષનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૦) હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેની હોઈ તેમજ ચેક ધારણ કરનારની તરફેણમાં કલમ-૧૧૮, કલમ-૧૩૯ મુજબનું અનુમાન કરવાનું હોવાથી સદરહુ જોગવાઈઓ વંચાણે લેવી જરુરી અને આવશ્યક જણાય છે જે નીચે મુજબ છે. :-

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account ...

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another

person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless–

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by

giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or as the case may be, to the holder in due course of the cheque within fifteen days of the receipt of the said notice.

Explanation.–For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

139. Presumption in favour of holder.

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

118.Presumptions as to negotiable instruments

Until the contrary is proved, the following presumptions shall be made: –

(a) of consideration; that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or

transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration ;

(૧૧) ઉપરોકત કલમ વંચાણે લેતા આ કલમ તળેનો ગુનો બનવા માટે નીચે મુજબના તત્વો સાબીત થવા જોઈએ.

૧ : આરોપીએ ફરીયાદીને દેવું કે તેનો ભાગ ચુકવવા અથવા અન્ય જવાબદારી અદા કરવા, પોતાના ખાતા ઉપરનો ચેક આપેલ હોવો જોઈએ.

૨ : આ ચેક અપુરતા ભંડોળના કારણે પરત આવેલ હોવો જોઈએ.

૩ : આ ચેક તે લખ્યા તારીખથી છ મહીનામાં રજુ થયેલ હોવો જોઈએ.

૪ : ફરીયાદીને ચેક પરત આવ્યાની જાણ થયેથી ચેકની રકમની માંગણી કરતી લેખિત નોટીસ ૩૦ દિવસમાં આરોપીને આપેલ હોવી જોઈએ.

૫ : આરોપીને નોટીસ મળી ગયા પછી પંદર દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ હોવા જોઈએ.

**જો ઉપરના આવશ્યક તત્વો સંતોષાય તો ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુન્હો બને છે તેમ માની શકાય.**

આ કાયદાની કલમ–૧૪૨(બી) વંચાણે લઈએ તો તેમાં જણાવેલ છે કે, કલમ–૧૮(સી) મુજબ ''કોજ ઓફ એકશન'' ઉભું થયા બાદ ૧ (એક) મહીનામાં ફરીયાદ કરવી જોઈએ. એટલે કે, આરોપીને નોટીસ મળી ગયાના ૧૫ દિવસમાં ચેકની રકમ ન ચુકવે તો ફરીયાદ કરવા કારણ ઉભું થયેલ ગણાય બીજા અર્થમાં ગુનો થયેલ ગણાય.

(૧૨) આમ, જયારે ફરીયાદી ધ્વારા ઉપરોકત તમામ મુદ્દાઓ પુરવાર કરવામાં આવે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ

છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે. પરંતુ બંને જોગવાઈમાં ''વિરુધ્ધનું સાબીત ના થાય તો'' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલા છે. એટલે કે, આ બંને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારના અનુમાનો છે. વિરુધ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવા અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

(૧૩) આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેનટ એકટની કલમ– ૧૩૮ અનુસારનો ગુનો બનાવા માટેના આવશ્યક તત્વો જોઈએ તો ચેક કાયદેસરની જવાબદારીના પુર્ણ અથવા અંશત: ચુકવણા માટેનો હોવો જોઈએ. ત્યારે આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા સારુ ફરીયાદી ધ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૧) અન્વયે પોતાની તમામ હકીકતોને સમર્થનકારક પુરાવો આ કામે તેઓ ધ્વારા સોગંદ નામાથી રજુ કરવામાં આવેલ છે. જે સોગંદનામામાં તેઓએ આ કામે આરોપી સાથે થયેલ વ્યવહારની વિગતો તેમજ આ કામે આરોપી ધ્વારા તેઓને બે ચેક આપવામાં આવેલ હોવાની હકીકતને સમર્થનકારક મૌખિક પુરાવો રજુ કરેલ છે. તેમજ આ કામે તેઓ ધ્વારા આરોપીનો ચેક કલીયરીંગ માટે બેંકમાં રજુ કરવામાં આવતા ચેક અસ્વિીકાર થઈ પરત ફરેલો હોવાનો અને આ ચેક પરત ફર્યા બદલ આ કામના આરોપીને નોટીસ આપેલી અને તે નોટીસ પણ રજુ કરેલ છે. તેમજ આ કામે પોતાના મૌખિક પુરાવાના સમર્થનકારક દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરવામાં આવેલ છે. જેમાં આ કામે ફરીયાદી ધ્વારા અસલ ચેક, બેંક દવારા આપવામાં આવેલ રીટર્ન મેમો, આરોપીને આપવામાં આવેલ નોટીસ રજુ કરવામાં આવેલ છે.

આમ, આ કામે જયારે ફરીયાદી ધ્વારા પોતાની આંક–૧ ની ફરીયાદના સમર્થનમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૧) મુજબ પોતાનો પુરાવો રજુ કરી સમગ્ર ફરીયાદ હકીકત પુરવાર કરેલ છે. આમ, આ કામે ફરીયાદી દ્રારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના ઉપરોકત ચર્ચા કરવામાં આવેલ તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા સારુ તેઓનો તમામ પુરાવો રજુ કરી દીધેલ છે. તેમજ તેઓ દ્રારા રજુ કરવામાં આવેલ પુરાવા મુજબ આ કામના આરોપીને કાયદેસરના દેવાની ભરપાઈ કરવા માટે આપેલ ચેક પરત ફર્યા બદલની નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ દ્રારા ચેકની રકમ આ કામના ફરીયાદીને આપેલ નહી હોવાનું પુરવાર થાય છે. જયારે આ કામે ફરીયાદીને કાયદેસરના દેવાની ભરપાઈ માટે આપેલ ચેક પરત ફરેલો અને તે ચેક પરત ફર્યા બદલ તેઓને નોટીસ કરવામાં આવેલ અને આ નોટીસ બજી ગયેલ હોવા છતાં દિવસ–૧૫ માં ચેકની રકમ આપેલ નહી હોવાથી, આ કામના આરોપી ધ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનું અનુમાન થઈ શકે તેમ છે. ત્યારે આ કામે હાલનો ગુનો બનાવ માટે તમામ આવશ્યક તત્વો આ કામે ફરીયાદી દ્રારા પોતાના પુરાવાના માધ્યમથી પુરવાર કરેલા છે. આમ, આ કામે હાલના ફરીયાદી દ્રારા પોતાના પુરાવાથી હાલનો ગુનો બનતો હોવાની હકીકત પુરવાર કરેલ છે.

(૧૪) આ કામે ફરીયાદી દ્રારા દાખલ કરવામાં આવેલ ફરીયાદ તથા તેના સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓની તમામ નકલો આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે અને ફરીયાદપક્ષની સમગ્ર હકીકતો અને દસ્તાવેજી આધારોની જાણ આ કામના આરોપીને કરી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ અન્વયે આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારે આ અંગેની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે.

(૧૫) આ કામે ઉપરોકત કાયદાકીય જોગાવાઈ ધ્યાને લેવામાં આવે તો, જયારે સમન્સ ટ્રાયબલ કેસમાં જયારે આરોપી મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થાય કે તેઓને હાજર કરવામાં આવે ત્યારે આરોપીને તેઓની સામેના આક્ષેપોની વિગતોની જાણ કરવાની અને તેમાં તેઓને આ ગુનો કબુલ રાખવા માંગે છે અથવા તો તેઓ આ ગુનામાં પોતાનો કોઈ બચાવ કરવા માંગે છે કે કેમ? તે મુજબની જોગવાઈ છે. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલી છે. પ્રથમ ભાગ આ કામના આરોપીને તેઓની સામે આક્ષેપીત ગુનાની વિગતોની તેઓને જાણ કરી તેઓ ગુનો કબુલ કરવા માંગે છે કે કેમ? તે બાબતે આરોપીને પુછવાનું રહે છે. જયારે બીજા ભાગને ધ્યાને લેવામાં આવે તો તે આક્ષેપીત ગુનામાં પોતાનો કોઈ બચાવ રજુ કરવા માંગે છે કે કેમ ? આમ, જયારે ઉપરોકત કાયદાકીય જોગાઈ મુજબ આ કામના આરોપીને ગુનો કબુલ કરવા માંગે છે તે અંગે પુછવામાં આવતા તેઓ દ્રારા આ ગુનાનો ઈન્કાર કરવામાં આવેલ છે. ત્યારે, *AIR 2014 SC 2528, Indian Bank Association and other Vs. Union of India and Other* ના ચુકાદામાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ– ૨૫૧ અન્વયે ગુનાનો ઈન્કાર કરવામાં આવતા આરોપીની શું ફરજ છે ? તે ધ્યાને લેતાં, નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા એવું ઠરાવવામાં આવેલ છે કે, જો આરોપી ધ્વારા ગુનાનો ઈન્કાર કરવામાં આવે તો તેઓ ફરીયાદપક્ષ ધ્વારા મુકવામાં આવેલ આક્ષેપમાં કઈ હકીકતો આધારે બચાવ કરવા માંગે છે તે જાહેર કરવો પડે અને તે આરોપીની જવાબદારી રહે છે કે તેઓ ફરીયાદપક્ષ તરફથી મુકવામાં આવેલ આક્ષેપોનો સંભવીત બચાવ રજુ કરી શકે. પરંતુ આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ કામમાં હાલના આરોપી દ્રારા કોઈ બચાવ રજુ કરેલો નથી તેમજ કોર્ટ દ્રારા આપવામાં આવેલ તકો દરમ્યાન પણ પોતાનો બચાવ કરવાનું પસંદ કરેલ નથી તે હકીકત જ એ અનુમાનીત કરે છે કે આ કામે ફરીયાદપક્ષ તરફથી મુકવામાં આવેલ આક્ષેપમાં આરોપી પાસે કોઈ વ્યાજબી બચાવ નથી.

(૧૬) જે અનુસંધાને હાલના કેસના સંજોગો ધ્યાને લેવામાં આવે તો આ કામે હાલના આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેલા અને તે દિવસે તેઓને હાલના આક્ષેપીત ગુનાની વિગતો જણાવવામાં આવેલ છે. ત્યારે આ કામે હાલના આરોપી દ્રારા ગુનો કબુલ રાખેલ નથી અને આ કામે તેઓ પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરેલ છે. ત્યારે આ કામે આરોપી ધ્વારા જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કાયદેસરના દેવાની ભરપાઈ કરવા સારુ અથવા કોઈ જવાબદારી અદા કરવા સારુ આપવામાં આવેલ ન હતો તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ દ્રારા *Hiten P Dalal V/s. Bratindranath Banerjee (2001) 6 SCC 16* ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં :

> *" In other words, proved the facts required to form the basis of a presumption of law exists, no discretion is left with the court but to drawn the statutory conclusion, but this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proven when, " after considering the matters before it, the court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists". Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the court in support of the defence that the court must either believe the defence to exist or consider its existence to be reasonability being that of the prudent man"*

(૧૭) આમ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ મુજબ આ કામે આરોપી દ્રારા પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરવામાં આવેલ હોવા બાદ, આ કામે ફરીયાદી દ્રારા જે ચેકનો આધાર લઈ હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તે ચેક તેઓ દ્રારા કોઈ કાયદેસરના દેવા પેટે આપવામાં આવેલ ન હતો

કે ફરીયાદી પાસે કોઈ દેવું ન હતું તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. પરંતુ આ કામે તેઓ દ્વારા પોતાનો બચાવ કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેમજ આ કામે ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસમાં વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ત્યારે એ અનુમાન કરી શકાય કે આ કામે તેઓની પાસે આક્ષેપીત ગુનાના કામે માત્ર ઉડાઉ ઈન્કાર કર્યા સિવાય બીજો કોઈ સંભવ બચાવ કરવા માટે કોઈ પુરાવો નહી હોય.

(૧૮) આમ, ઉપરોકત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માટે આવશ્યક તત્વો પુરવાર કરવામાં ફરીયાદી સફળ જતાં હોય ત્યારે જે ગુનો કબુલ કરવામાં આવેલ ન હોવા મુજબનું નીવેદન આપવામાં આવેલ છે તેઓ દ્વારા આ નીવેદનમાં હાલના ગુના માટે પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જણાવવામાં આવેલ છે. આમ, જયારે આરોપી દ્વારા તેઓની સામેના આક્ષેપીત ગુનામાં પોતાની બચાવ કરવા માંગતા હોય તે પુરાવા રજુ કરવાની કે સોગંદકર્તાના પુરાવાને પડકારવા માંગતા હોવાની જવાબદારી આરોપીની બની રહે છે. આ કામે આરોપી દ્વારા જો પોતાનો બચાવ કરવા માંગતા હોય કે સોગંદનામાથી જે હકીકતો જાહેર કરવામાં આવેલ હોય તેને તપાસવા માંગતા હોય તો તે બાબતે કોઈ અરજી આપી અને તેઓને પુરાવા માટે બોલાવવામાં આવેલ નથી. ત્યારે આ કામે હાલના સાહેદના પુરાવાની આરોપીને કોઈ આવશ્યકતા છે કે કેમ ? અને તેઓ આ સોગંદકર્તાની હકીકતોને ઉલટ તપાસ માટે બોલાવવા માંગે છે કે કેમ તે માટેની જોગવાઈ ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.

ધી નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૨):

*145(2) The court may, if it thinks fit, and shall, on the application of the prosecution or the accused, summons and examine any person giving evidence on the affidavit as to the facts contained therein.*

(૧૯) આમ, આ કામે હાલના આરોપીએ ફરીયાદીના પુરાવાને બિનપડકારી રહેવા દીધેલ છે અને ફરીયાદીની ઉલટતપાસમાં વિરૂઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ત્યારે આ કામે હાલના આરોપી દ્રારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ અન્વયે પોતાનો બચાવ રજુ કરવામાં તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયે પોતે વિરુઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવાનું પસંદ કરેલ નથી. ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ ઘ્યાને લેતાં તે નીચે મુજબ છે.

> *139.1 [ Presumption in favour of holder: It shall be presumed, unless the contrary is proved, that the holder of cheque received the cheque of the nature referred to in section 138 for discharge, in whole or in part, or any debt or other liability]*

(૨૦) આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈને ઘ્યાને લેવામાં આવે તો તે હકીકત આદેશાત્મક રીતે અનુમાન કરવાની રહે છે કે વિરુઘ્ધની કોઈ હકીકત પુરવાર કરવામાં ન આવે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે આપવામાં આવેલ ચેક તે કાયદેસરના દેવા પેટે અથવા તો તેના કોઈ ભાગ અથવા તો જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ છે. ત્યારે આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ સાથે વંચાણે લેતાં આ કામે જયારે આરોપી દ્રારા ગુનો કબુલ નહી રાખતા તેઓએ તેમનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરવામાં આવેલ છે અને કલમ–૧૩૯ અન્વયે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ હકીકતોમાં વિરુઘ્ધની કોઈ હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહેતી હોય ત્યારે આ કામે હાલના આરોપી દ્રારાપોતાના બચાવમાં કોઈ પુરાવો રજુ કરેલ નહી હોવાથી તેઓ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મજુબ પોતાનો બચાવ કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલા હોવાનું મારુ નમ્રપણે માનવું છે.

(૨૧) આમ, જયારે ઉપરોકત કલમો મુજબ આરોપી દ્વારા કોઈ વિરુધ્ધની હકીકત પુરવાર કરવા માટે હાજર રહેલા નથી તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ મુજબ પોતાનો બચાવ રજુ કરેલ નથી કે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ફરીયાદપક્ષના પુરાવામાં કોઈ વિરુધ્ધની હકીકત રજુ કરવા માટેના પ્રયત્નો કરવામાં આવેલ નથી ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.

*138. Dishonour of cheque for insufficiency, etc. of fund in the account,*

*Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from the account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall without prejudice to any other provision of this Act, be punished with imprisonment for 2[a term which may extend to two year] or with fine which may extend to twice the amount of the cheque, or with both:*

(૨૨) ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો આ જોગવાઈ મુજબ ***"such person shall be deemed to have committed an offence"*** મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે જો કોઈ વ્યકિતનો ચેક અપુરતા ભંડોળના કારણસર પરત કરવામાં આવેલ હોય કે બેંક સાથે ખાતેદારની સમજુતીની રકમથી વધારે રકમ કરતાં રકમનો હોય અને તે ચેક તે કારણસર પરત કરવામાં આવેલ હોય ત્યારે આદેશાત્મક રીતે તે વ્યકિત દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું માની લેવામાં આવશે.

(૨૩) જયારે આ કામે હાલના આરોપી દ્વારા ફરીયાદીને આ કામનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવા સામે કોઈ બચાવ કરવામાં આવેલ નથી, ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ પણ ફરીયાદીના પુરાવાથી કોઈ વિરુધ્ધની હકીકત પુરવાર કરવા સારુ અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલા નથી. તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ અન્વયે તેઓ હાલના ગુના કામે પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરી, પોતાનો બચાવ રજુ કરેલ નથી. ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે તેઓએ હાલનો ગુનો કરેલ નહી હોવાનું માની શકાય તેમ નથી. ત્યારે ઉપરોકત મુદ્દા નં.૧ અન્વયે આ કામનો તકરારી ચેક આરોપી દ્વારા કાયદેસરના દેવા અથવા અન્ય જવાબદારી ભરપાઈ કરવા માટે આપેલ હોય અને ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલો અને તે બદલ તેઓને કાયદેસરની નોટીસ આપવા છતા નિર્ધારીત સમય મર્યાદામાં તેઓ દ્વારા ચેકની રકમ ફરીયાદીને નહી ચુકવી આપી ગુનો કરેલ હોવાનું પુરવાર થતું હોય, અને તેમાં પોતાનો બચાવ રજુ કરવામાં નિષ્ફળ નીવડતા હોય, આરોપી નાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

## <u>–: હુકમ :–</u>

**(૧)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૮(૨) અન્વયે આ કામના આરોપી નં.૧) નિલેશભાઈ બાબુભાઈ મકવાણા, રહે.તાલાલા, જી.ગીર સોમનાથ નાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને (૦૧) એક વર્ષની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે આરોપી નં.૧) નિલેશભાઈ બાબુભાઈ મકવાણા નાઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫ અન્વયે ફરીયાદીને ચેકની રકમ

રૂા.૨૪,૩૯૪/- ના દોઢ ગણા એટલે કે રૂા.૩૬,૫૯૧/-(અંકે રૂપિયા છત્રીસ હજાર પાંચસો એકાણુ પુરા ) નો દંડનો હુકમ કરવામાં આવે છે અને આ દંડની રકમ ફરીયાદીને વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ વળતરની રકમ હુકમની તારીખથી દિન-૩૦ માં અદાલતમાં જમા કરાવવી.જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૪ (ચાર) માસની સાદી કેદની સજા અલગથી ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૪૦૪(૧) ની જોગવાઈ મુજબ સદર હુકમની એક નકલ વિના મુલ્યે તાત્કાલીક આપવી.

(૪) આરોપીએ હાલ ના કામે કાચા કામ ના કેદી તરીકે સજા ભોગવેલ હોય તો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૬૮ મુજબ મજરે આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપી તરફે ના જાત મુચરકા તથા જામીનખત રદ્દ ગણવા.

(૬) આ કામ ના આરોપીનું સજા વોરંટ ભરી ને મોકલી આપવું.

આ હુકમ આજ રોજ તા.૦૪.૦૮.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

તા.૦૪.૦૮.૨૦૨૬
તાલાલા

**(પી.એન.જાડેજા)**
**કોડ નં. જીજે . ૦૧૭૩૩**
જયુડી.મેજી.ફ.ક.,તાલાલા.